ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ.

કિંમત પોણો આનો.

A

SHORT HISTORY OF GUJARAT

BY

THE LATE

R. S. MAHIPATRAM RUPRAM NILKANTH,

C. I. E.,

Gujarati Translator, Educational Department.

TWENTY EIGHTH EDITION.

ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ.

આવૃત્તિ અઠ્ઠાવીસમી.

1903, April.

Price Nine P

AHMEDABAD

Printed at the Diamond Jubilee Printing Press.

પ્રસ્તાવના.

ગૂજરાત દેશનો આ સંક્ષિપ્ત ઇતિહાસ નિશાળોમાં ભણનારાં છોકરાંને માટે લખ્યો છે. આ દેશના મિત્ર એ. કે. ફાર્બસ સાહેબે પાટણ વગેરેના ગુપ્ત પુસ્તકના ભંડારોમાંથી ગૂજરાતનો ઇતિહાસ શોધી કાઢી, તથા ભાટ ચારણોની કહાણીઓ અને ચોપડાપરથી રાસમાળા નામે ગુર્જર દેશનો મનોરંજક ઇતિહાસ રચ્યો. એમના પછી આપણા કેળવણીખાતાના વિદ્વાન ઇન્સ્પેક્ટર ડાક્ટર જી. બુલર સાહેબે એ વિષે વધારે ખોળ કરી. જૂના રાજા ભૂમિદાન કરતા, તેની સનદો ત્રાંબાનાં પત્રાં ઉપર કોરાવી આપતા. વલ્લભીપુરના રાજાનાં તથા અણહિલપુરના ચૌલુક્ય રાજાનાં આ પ્રકારનાં કેટલાંક તામ્રપત્રો એમને તથા બીજાઓને જડયાં છે. વળી દહેરાં વગેરે પાષાણમાં લેખ કર્યા છે તે વાંચ્યા. તેઓના ઉતારા તથા ઇંગ્રેજીનાં ભાષાંતર છપાવી એ સાહેબે પ્રસિદ્ધ કર્યા છે, તથા સાર કાઢયા છે એનો આધાર મેં આ ચોપડીમાં લીધો છે ફાર્બસ સાહેબની રાસમાળા તથા બુલર સાહેબનાં પ્રગટ કરેલાં તામ્રપત્રોનાં પુસ્તકો ઉપરથી આ ચોપડીમાં રજપુતસમયનો ઇતિહાસ ટૂંકામાં લખ્યો છે. અસલ ખરડામાં પણ મહેરબાન બુલર સાહેબે કેટલોક સુધારો પોતાને હાથે કર્યો હતો તે મેં સ્વીકાર્યો છે. મેજર જે. ડબલ્યુ. વાટ્સન સાહેબે ગૂજરાતના મુસલમાની સમયનો ઇતિહાસ રચ્યો છે તેને આધારે મુસલમાની પાદશાહનાં વરસ વગેરે લખ્યાં છે,

આ ઇતિહાસ શીખવવાની રીત.

કોઈ દેશનો ઇતિહાસ શીખવવા માંડ્યા પહેલા તે દેશની ભૂગોળવિદ્યા નિશાળિયાને શીખવવી જોઇએ. એ નિયમ પ્રમાણે આ ચોપડી ચલાવ્યા પહેલાં ગૂજરાતનું ટૂંકું વર્ણનનકશા ઉપરથી શીખવવું. રાજકાજને અર્થે હાલ કૃત્રિમ જીલ્લા અને ઇલાકા ઠરાવ્યા છે તે ગોઠવવાની કે કહેવાની જરૂર નથી. ગૂજરાતની સીમા, મોટી નદીઓ, મોટા ડુંગરો, વિસ્તાર, જૂનાં મોટાં નગરો વગેરે નકશામાં બતાવી શીખવવાં. તે આવડ્યા પછી ઇતિહાસ ચલાવવો. આ ઇતિહાસ શીખવતી વેળા હમેશ ગૂજરાતનો નકશો નિશાળીઆની સામો ટાંગવો, ને કાળા પાટિયાનો ઉપયોગ કરવો. શીખવતી વેળા આ ચોપડી ન વંચાવવી, મ્હોડેથી એમાંની બાબત કહેવી, ને નામ વરસ વગેરે પાટિયા ઉપર લખવાની જરૂર જણાય તે લખવાં તથા કહેતાં જવું ને પૂછતાં જવું. પૂછ્યા પછી, તે બિના પાટિયા ઉપર લખવી ને ફરી પૂછવી. પાઠ પૂરો થયા પછી, તે બાબત ચોપડીમાં ક્યાંછે તે દેખાડી ઘેર વાંચવાને આજ્ઞા કરવી કે તે ભૂલાય નહી. યાદ રહે એટલા થોડું થોડું શીખવવું. જાણીતા ઉપરથી આરંભ કરવો, ગામમાં કે શહેરમાં અધિકારી કોણ છે, તેનો ઉપરી કોણ, તે ઉપરીનો ઉપરી કોણ વગેરે પૂછી હાલ ઇંગ્રેજનું રાજ છે તે જણાવવું ઇંગ્રેજની પૂર્વે કોનો અમલ હતો તે પૂછવું, ને ન આવડે તો કહેવું, કે મરાઠાનો હતો. મરેઠાની પહેલાં રાજ્ય કરનારા મુસલમાન હતા અને મુસલમાનો પહેલા રજપૂત રાજા હતા, એટલે સુધી પાછા હઠતા આવ્યા એટલે આ ચોપડીને પહેલે પાને લખેલી બાબતથી ચલાવવું.

રજપૂત સમયમાં પ્રથમ રાજધાની ક્યાં હતી, રાજા કોણ હતા, એ વગેરે કહેવું. નિશાળ દેશી રાજ્યમાં હોય તો તે રાજ્યનો ઇતિહાસ ટૂંકામાં પ્રથમ શીખવવો. પછી ઉપરી રાજ્યપર લક્ષ લગાડી આખા દેશનો ઇતિહાસ શરૂ કરવો. આ ઇતિહાસનિશાળિયાને રસિક લાગે માટે મોટી મોટી બિનાઓને લગતી કહાણી વગેરેનો સાર કહેવા જોગ હોય તો રાસમાળમાંથી કે મગનલાલના કે ભગવાનલાલના ઇતિહાસમાંથી ટૂંકામાં કહેવો તે મ્હોડે ન હોયતો પ્રથમથી વાંચી રાખવો. આમાં લખ્યું તે ઉપરાંત બાળક છોકરાંને ઝાઝું ગોખાવવું નહિ. આ ઇતિહાસ વગર ચોપડીએ શીખવી શકાય તેમ શીખવનારને મ્હોડે જોઇએ. પ્રાંત, નદી, નગર, વગેરે સ્થળોનાં નામ આવે તેમ તે નકશામાં દેખાડવાં. ભરતખંડના બીજા દેશો, ત્યાંના રાજા વગેરે સબંધી કહેવાનું આવે ત્યારે ભરતખંડનો નકશો દેખાડવો, સહજ સમજાવવો, અને આ ઇતિહાસમાં તેમાંના જે જે દેશ, પ્રાંત, નદી, નગરાદિનાં નામ આવે તે બતાંવવાં. જે શીખવ્યું તેની બીજે દહાડે પરીક્ષા લેઇ આગળ ચલાવવું. અને માસ આખરે પાછલું સઘળું તપાસી જવું. પરીક્ષામાં પણ નકશો પૂછવો.

गूजरातनो संक्षिप्त इतिहास.

भाग १ लो.

रजपुत राज्यनी समाप्ति सूधी.

वल्लभीपुर—એ શહેરનું ખંડેર ભાવનગરની ઉત્તરે થોડા ગાઉ ઉપર વળા ગામની થડમાં છે. મોટા રજપૂત રાજ્યની એ રાજધાની હતું. એ રાજ્યનો વિસ્તાર કેટલો હતો તે જણાયું નથી. એના અધિપતિ પ્રથમ કોઇ મોટા રાજ્યના સેનાપતિ અને તાબેદાર હતા. ઉપરી રાજ્યનું જોર ઘટવાથી તેઓમાંના કેટલાક સ્વતંત્ર થયાં. એ રાજ્ય ક્યારે સ્થપાયું, અને એ નગર ક્યારે વસ્યું, તથા ક્યારે, અને શી રાતે નાશ પામ્યું તે બરાબર જાણવામાં આવ્યું નથી. વલ્લભીપુરની ગાદીએ ૧૮ રાજા થયા. આશરે ઈ૦સ૦ ૧૪૪—૩૪૪ સૂધીના એટલે સંવત* ૨૦૦ થી ૪૦૦ સૂધીના લેખ મળ્યા છે. એના છેલ્લા પાચ રાજા શિલાદિત્ય નામે ઓળખાયા હશે પમો શિલાદિત્ય વેદધર્મી અને શિવમાર્ગી હતો.

पंचासर —વલ્લભી રાજ્યના તૂટવા પછી ચાવડા રજપૂતોનું રાજ્ય થયું. એની રાજધાની ઝાલાવાડની ઉત્તરે કચ્છના નાના

---

* ઈસ્વીસનમાં ૫૬ કે ૫૭ ઉમેર્યાથી વિક્રમ સંવત આવશે. આ ઇતિહાસને લગતા મૂળ ગ્રંથો અને લેખો જડયા છે તેઓમાં વિક્રમ સંવત લખેલાછે, પરંતુ તેઓપરથી ઈસ્વીસનનાં વરસ ઉપજાવી આ પુસ્તકમાં દાખલ કર્યાંછે.

રણુને કાંઠે પંચાસર નગરમાં હતી. ઇસ્વી [illegible] ૬૯૬ માં જયશિખર નામે રાજા ત્યાં રાજ્ય કરતો હતો. એ [illegible] કનોજ દેશના કલ્યાણી નગરમાં સોલંકી (ચૌલુક્ય) વંશ[illegible]. ભૂવડ નામે મોટો બળવાન અને પરાક્રમી રાજા હતો. જયશિખરની કીર્તિ અને ગૂજરાતની આબાદીની વાત સાંભળી, તેણે ગૂજરાત જીતવાને લશ્કર મોકલ્યું. મીર નામે સામંત શેનાનો ઉપરી હતો. ગુર્જર સેનાપતિ સુરપાળે મીરને હરાવી હાંકી કહાડયો, ત્યારે ભૂવડ પંડે ચઢયો. જયશિખરને તેણે પંચાસરમાં ઘેર્યો. ઘેરો બાવન દિવસ ચાલ્યો; ભારે લડાઇઓ થઇ ને બેઉ તરફના હજારો લડવૈયા કતલ થયા. અંતે જયશિખરના લડવૈયા ખૂટવાથી અને તેના રણુમાં પડવાથી પંચાસર ભૂવડને હાથ ગયું; ને તેનો અમલ ગૂજરાતપર બેઠો. સોરઠ અને કચ્છના રાજાને તાબે કરી, તથા આસપાસના માંડળિક રાજાઓ પાસે હર વરસે અમુક ખંડણી લેવાનું ઠરાવી તથા પોતાની તી ગૂજરાતનો વહીવટ કરનાર પ્રધાન મૂકી ભૂવડ પંડે સ્વદેશ ગયો.

વનરાજ ચાવડો--પટરાણી રૂપસુંદરી બેજીવવાળી હોવાથી તેને તેના ભાઈ સુરપાળ જોડે જયશિખરે વનમાં મોકલી દીધી તેને મૂકીને પાછા આવતાં માર્ગમાં પંચાસર જીતાયાની અને ગુર્જર રાજાના મરણની વાત જાણી સુરપાળ સોરઠના ડુંગરોમાં ગયો. વનમાં રાણી રૂપસુંદરીનું રક્ષણ [illegible] ભ[illegible]લડીએ કર્યું. વૈશાખી પુનમે રાણીને કુંવર સાંપડયો. રાજપુત્રનો જન્મ વનમાં થયો માટે તેનું નામ વનરાજ પાડયું. કુંવર છ માસનો થયો તેવારે શીલગુણસુરી નામે રૂડો જતી ત્યાં આવ્યો. જયશિખરની રાણી અને કુંવર જાણી તે તેમને પોતાને અપાસરે તેડી ગયો. અહીં વનરાજ ઉછર્યો. બારવટાનાં સંકટ વેઠી શકે

તેટલી ઉમરનો થયો ત્યારે તેનો મામો સુરપાળ તેને પોતાની જોડે પહાડો અને જંગલોમાં તેડી ગયો. ઘણીક સવારીઓમાં વનરાજનું શૂર અને ચતુરાઇ જોઈ સુરપાળ રાજી થયો. તેના મામાના મરણથી તે ઓથ ગઇ. નવા મિત્રોની સંખ્યા વધવાથી તથા તેના પરાક્રમથી તે ટકી રહ્યો. હવે તેણે રાજ-પદ ધારણ કર્યું પણ ઘણાં વર્ષ લગી નામનો મહારાજા રહ્યો. રાજા ભૂવડનું જોર વધારે હોવાથી તેને બહુ વરસ વનમાં ભટકવું પડયું. ભૂવડે ગૂજરાતની ઉપજ તેની કુંવરી મીનળદેવીને આપી હતી તે બાઇનાં માણસ ખંડણી ઉઘરાવી પુષ્કળ ધન, ઘોડા, વગેરે લઇ જતાં હતાં તેમના ઉપર હુમલો કરી વનરાજે સર્વે પડાવી લીધું, ને તે વડે સરસ્વતીને તીરે નવું શહેર બાંધી ત્યાં પોતાની રાજધાની કરી. ઇસ્વીસન ૭૪૬. ઘરડાં માજી રૂપસુંદરી અને ગુરૂ શીલગુણસુરી હજી જીવતાં હતાં તેમને માનપૂર્વક ત્યાં આણી રાખ્યાં.

अणहिल्लपुर पाटण—અણહિલ્લ નામે ભરવાડે વગડામાં માર્ગો અને સંતાવાની જગાઓ બતાવી મોટી સેવા બજાવી હતી તેના બદલામાં વનરાજે એ નગરનું નામ અણહિલ્લપુર પાટણ પાડયું. શ્રીદેવી નામે શ્રાણીઅણે તેની પરોણાચાકરી વગેરે કરી સહાયતા આપી હતી તેને હાથે રાજ્યાભિષેક વેળા તિલક કરાવ્યું. એક ચાંપો નામે વાણીઓ વનવાસમાં તેનો કારભારી હતો તેને મંત્રીશ્વર નીમ્યો. એ મંત્રીએ પછવાડેથી ચાંપાનેર વસાવ્યું કહેવાય છે. અણહિલ્લપુર વસાવ્યા પછી સદ્‌ગુણી રાજા વનરાજે ૬૦ વર્ષ રાજ્ય કર્યું. ૧૧૦ વર્ષની ઉમરે ઇ.સ. ૮૦૬ માં તેનો કાળ થયો. ચાવડાવંશના મહારાજાનાં નામ તથા તેમની કારકીર્દીનાં વરસ નીચે પ્રમાણેઃ—

वनराज.	इस्वी.	૭૪૬—૮૦૬
योगराज.	इस्वी.	૮૦૬—૮૪૨
क्षेमराज.	इस्वी.	૮૪૨—૮૬૬
भूवड.	इस्वी.	૮૬૬—૮૯૫
वीरसिंह.	इस्वी.	૮૯૫—૯૨૦
रत्नादित्य...	इस्वी.	૯૨૦—૯૩૬
सामंतसिंह...	इस्वी.	૯૩૬—૯૪૨

યોગરાજ તેના બાપના જેવો પ્રતાપી હતો. તેણે રાજ્યમાં અને ઉપજમાં વધારો કર્યો, ને લોકને સુખી કર્યા. લડાઇમાં ચતુર અને શૂરો હતો તેમ તે ભણેલો પણ હતો. ક્ષેમરાજે પણ રાજ્યનો વિસ્તાર અને દેશની દોલત વધારી. એના પછીનો રાજા રત્નાદિત્ય સારા ગુણને માટે વખણાયો છે. તે પોતાનું વચન પાળનાર, સાચો, શૂરો, ને અંગે બળવાન હતો. લુચ્ચા, ચોર, ઠગારા, વગેરે અપરાધીઓને દેશમાંથી કાઢી મૂકી તેણે પ્રજાને સુખ દીધું. સામંતસિંહ નબળો ને દુર્ગુણી હતો. વનરાજના નરવંશમાં એ છેલ્લો રાજા થયો. એની પછી વનરાજના કુળની કન્યાના વંશમાં ગાદી ગઇ.

सोलंकी के चौलुक्य वंश—કનોજના રાજા ભુવનાદિત્યનો રાજ નામે કુંવર સામંતસિંહની બેન લીલાદેવી વેરે પરણ્યો હતો. એ લગનથી મૂળરાજ નામે પુત્ર ઉત્પન્ન થયો. મૂળરાજ બુદ્ધિમાન અને પરાક્રમી, પણ લોભી ને દુષ્ટ હતો. રાજ્યાસન મેળવવાને તેણે બંડ કરી પોતાના મામાને મારી નાંખ્યો, અને મોસાળ પક્ષમાંથી કોઇ ગાદીનો દાવો કરવા ન પામે માટે તે સર્વેના પ્રાણ લીધા. સોલંકીવંશના મહારાજાનાં નામ અને વરસઃ--

मूळराज	...इ० ९४२— ९९७
चामुंड	...इ० ९९७-१०१०
वल्लभसेन...	...इ० १०१०-
दुर्लभसेन...	...इ० १०१०-१०२२
भीमदेव पहेलो	...इ० १०२२-१०७२
करण	इ०१०७२-१०९३-९४
सिद्धराज जयसिंह ...	...इ० १०९४-११४३
कुमारपाळ	...इ० ११४३-११७४
अजेपाळ	...इ० ११७४-११७७
मूळराज बीजो(બાળ મૂળરાજ)	...इ० ११७७-११७९
भीमदेव बीजो(ભોળોભીમ)	...इ०११७९-१२४२-४३
त्रिभुवनपाळ	...इ० १२४३-१२४४

ચાવડાની પાટે મૂળરાજ સોલંકી બેઠો તે વારે ઉત્તરેથી અજમેરનો * રાજા ચઢી આવ્યો અને દક્ષિણ ભણીથી તેલંગણના રાજાએ સેનાપતિ બાર્પને સ્વારી કરવા મોકલ્યો. સોલંકીએ પહેલા શત્રુને ધન આપી પાછો વાળ્યો ને બીજાને લડાઇમાં હરાવી નસાડ્યો. ગુર્જરગાદીને તાબે ખંડીઆ રાજા હતા તેમાંના કેટલાકે મૂળરાજની આણ માની નહિ. સોરઠનો રાજા ગ્રહરિપુ સ્વતંત્ર [illegible] થઇ પ્રભાસના સોમનાથની જાત્રા જનારને લૂંટવા લાગ્યો. ગુર્જરપતિ તેને સજા કરવાને ચઢ્યો. કચ્છનો રાજા લાખો, તથા કેટલાક મિત્ર અને માંડળિક રાજા સોરઠના રાજાની કુમકે ગયા, તેથી તેની કને જબરૂં લશ્કર થયું. મૂળરાજે તેનો પરાજય કર્યો. ગ્રહરિપુ અને લાખો રણમાં પડ્યાથી એ ભાગમાં ગુર્જર રાજાની સત્તા પાછી જામી. લાટ + દેશના

* અજમેર અર્વાચીન નામ છે. પહેલાં તેને સાંભર કે નાગોર કહેતા.
× લાટ ઘણું કરીને મહી અને નર્મદાની વચ્ચેનો દેશ હતો.

રાજાએ ગુર્જર દરબારનું અપમાન કર્યું માટે મૂળરાજે તેને જીત્યો. એ લડાઇમાં અણહિલવાડના ટિલાટ ચામુંડે પરાક્રમ કરી બાપને ખુશી કર્યો. મૂળરાજનો અમલ આબુથી નર્મદાની દક્ષિણ સુધી પ્રસર્યો હતો. એણે કેટલાંક શિવાલય બંધાવ્યાં, ને સિદ્ધપુરમાં રૂદ્રમાળ (રૂદ્ર મહાલય) નામે મોટું દેરૂં ચણાવવા માંડ્યું, પણ તે એના સમયમાં પૂરૂં થયું નહિ. મોસાળીઆંની હત્યા કર્યાને માટે તેને ઘડપણમાં ઘણો પસ્તાવો થયો. એ મહા પાપથી છૂટવાને તેણે બ્રાહ્મણોને બહુ દાન આપ્યાં. વધારે વિદ્વાનોનો ખપ પડ્યાથી એણે ઉત્તરમાંથી બ્રાહ્મણોને બોલાવી ગૂજરાતમાં વસાવ્યા. એ બ્રાહ્મણોના વંશજો આજે પણ ઔદીચ્ય (ઉત્તરના) કહેવાય છે.

તેર વરસ અમલ કરીને રાજપાટ પોતાના વડા કુંવર વલ્લભસેનને આપી ચામુંડ કાશીએ ગયો. વલ્લભસેન દયાળુ ને સત્યવાદી હતો. પાટે બેઠા પછી થોડા વખતમાં તે શીતળાથી મરણ પામ્યો, ત્યારે ચામુંડે બીજા પુત્ર દુર્લભસેનને ગાદીએ બેસાડ્યો; ને પંડે સાધુ થઇ શુકલતીર્થ જઇ કરેલાં પાપનો પસ્તાવો તથા પુત્ર મુઆનો શોક કરતો મરણ પામ્યો. દુર્લભસેને રાજકારભાર ઠીક ચલાવ્યો, તથા તળાવ અને દહેરાં બંધાવ્યાં.

દુર્લભસેનની પછી ચામુંડના ત્રીજા કુંવર નાગરાજનો કુંવર ભીમદેવ ગૂજરાતનો રાજા થયો. એની કારકીર્દીમાં સને ૧૦૨૪ માં ગીઝનીના પ્રખ્યાત સુલતાન મહમદે ગૂર્જરાત ઉપર સ્વારી કરી, આ આંધી ઓચિંતી ચઢી આવી તેથી તેની સામા થવાની તૈયારી થઇ શકી નહિ, માટે ભીમદેવ પ્રભાસપાટણ આગળ એક લડાઇ લડી કચ્છ ભણી નાશી પોતાના કંથકોટ નામે ગઢમાં ભરાયો. ધર્માંધ મહમદે પ્રભાસના સોમનાથનું દહેરૂં લુટ્યું અને શિવલિંગના કડકા કર્યા, ત્યાંથી ઉપડી કંથકોટને ઘેર્યો, પણ ભીમદેવ

તેમાંથી નીકળી નાઠો. વાવાઝોડાની પેઠે એકાએક ચડી આવી જાનમાલનો નાશ કરી તોફાનની પેઠે તે પાછો ગયો, અને ભીમદેવે આવી પોતાનું રાજ્ય પાછું લીધું.

ભીમ ચોર પકડવામાં અને અપરાધીઓને સજા કરવામાં સારો હતો. તે લડાઇ કરવામાં ચતુર અને શૂરો હતો. એણે સિંધ દેશ ઉપર સ્વારી કરી જય મેળવ્યો. આ સમયે માળવાની ગાદીએ પ્રખ્યાત વિદ્યોત્તેજક રાજા ભોજ હતો; ભીમ અને ભોજની વચ્ચે અણબનાવ હતો. કાશીના રાજા કરણ જોડે મળી ભીમે ભોજ જોડે લડાઇ જોડી; લડાઇ ચાલતી હતી તેવામાં ભોજ મરણ પામ્યો. તેના મરણ પછી રાજા કરણે ધારાનગરીનો ભંડાર લૂંટયો. પણ તેમાંથી ભીમને ભાગ આપ્યોનહિ. અજમેરના ચોહાણ રાજા વિશળદેવે ગૂજરાત ઉપર સ્વારી કરી. એનું કારણ એ કે ભરતખંડના જે ભાગ મુસલમાનોએ જીત્યા હતા તે પાછા લેવાને એ વિશળદેવ રાજાની આગેવાની નીચે બીજા રજપૂત રાજા ચઢયા હતા તેમાં ભીમ ભળ્યો નહિ માટે તેને સજા કરવાને ચોહાણ રાજા આવ્યો. ભીમ સામે લડવા ગયો પણ જીત્યો નહિ; ને તેના પ્રધાને ધન આપી તથા જુદ્ધ થયું તે ઠેકાણે વિસલનગર વસાવવા દેવાનું કબુલ કરી તેનેપાછો વાળ્યો. ભીમદેવના સમયમાં વિમળશા નામે મોટો ધનાઢ્ય શ્રાવક હતો. તેણે આબુ ઉપર દેલવાડામાં અને આરાસુર ઉપર કુંભારીઆમાં મોટાં ને સુંદર દહેરાં બંધાવ્યાં. ભીમ રાજાને ત્રણ કુંવર હતા. તેમનાં નામ ક્ષેમરાજ, કરણ, ને મૂળરાજ. ઘડપણનો કાળ ઇશ્વર ભક્તિમાં કાઢવાને રાજ્ય છોડી ક્ષેમરાજને આપવા માંડયું પણ તેણે તેની જોડે તીર્થમાં જઇ રહેવાની ઇચ્છા જણાવ્યાથી કરણને રાજ્ય મળ્યું.

કરણુ રાજાએ ધંધુકા, આશાવળ, ×મહેવાસ, વગેરેનાકોળી રાજાઓને વશ કરી રાજ્યને મજબૂત કર્યું. પાટણની દક્ષિણે થોડા ગાઉ ઉપર મોઢેરા ગામ છે ત્યાં કરણ સાગર નામે મોટું તળાવ બંધાવ્યું તથા બીજાં સ્થળોમાં દહેરાં ચણાવ્યાં. એણે કરણાવતી નગરી વસાવી, તે કયાં હતી તે નક્કી જણાયું નથી એની પછી એનો કુંવર સિદ્ધરાજ જયસિંહ * મહાપ્રતાપીરાજા થયો. રાજા કરણ પડયો તે વારે એ બાળક હતો તેથી કેટલાક વરસ રાજકારભાર તેની મા મીનળદેવીએ કર્યો. એ સમયમાં તેણીએ વિરમગામનું મુનસર તળાવ તથા ધોળકાનું મલાવ તળાવ બધાવ્યાં. બાળરાજાને લેઇ રાજમાતા ગૂજરાતમાં ફરવા નીકળ્યાં તેવામાં માળવાના રાજા યશોવર્માએ સ્વારી કરી. અણહિલ્લપુરમાં કામ ચલાવનાર મંત્રીએ જુદ્ધ ન કરતાં તેને નાણાં આપી પાછો વાળ્યો. સિદ્ધરાજને એ ગમ્યું નહિ, માટે માળવા પર લડાઇ કરવાને સજ્જ થયો. એ તૈયારી થતી હતી તે વારે એ રાજાએ સહસ્ત્રલિંગ નામે તલાવ ખોદાવા માંડયું. માળવાના રાજા યશોવર્મા સાથે બાર વરસ લડયો, ને અંતે ધારાનગરી જીતી લઇ તેને કેદ કરી પાટણમાં આંણ્યો. સુધરેલી રીત પ્રમાણે બધીવાન રાજાને માન આપી પોતાની લાયકી જણાવી, ત્યાર પછી ગુર્જર રાજાએ મૂળરાજના ચણાવેલા શિવાલય રૂદ્રમાળને સમરાવી પૂર્ણ કરાવ્યું. કોઇ કુંભારને ઘેર ઉછરેલી રાણકદેવી નામે રાજપુત્રીનો વિવાહ સિદ્ધરાજ વેરે થયો હતો, પણ લગ્ન થયા પહેલાં જુનાગઢનો રાજા ખેંગાર તેને બળાત્કારે લેઇ પરણ્યો; તેને સજા કરવાને ગુર્જર મહારાજા મોટી સેના સહિત સોરઠ ગયા; ખેંગાર જુદ્ધમાં હણાયો. ક્રોધના

× અમદાવાદની થડમાં હાલ અસારવા ગામ છે તે હશે કે કોઇ બીજું.

* હાલ લોક તેને સધરાજેસિંગ કહેછે.

આવેશમાં દેવીના બે નિરપરાધી બાળક દીકરાને મારી તે વિધવા રાણીને ઝાલો આણી, પરંતુ તેની વેરે પુનર્લગ્ન ન કરતાં રાણક-દેવી વઢવાણ આગળ સતી થઇ. સિધ્ધરાજે પોતાના મુલકમાં ઠેકાણે ઠેકાણે કૂવા, વાવ, તળાવ, દહેરાં વગેરે બંધાવી લોકોને સુખી કર્યા. તેથી તેની ઘણી નામના + થઇ ધર્મ સંબંધી તેણે બધા પંથને છૂટ આપી હતી, ને રાજ્યનો બંદોબસ્ત સારો રાખ્યો હતો. વનરાજની ગાદીએ બેસતી વેળા જે મુલક તેને હાથ વારસામાં આવ્યો હતો તેમાં પોતાના જયથી ઘણો વધારો કરી, તે કીર્તિવાન મહારાજા થયો. ગૂજરાત અને સોરઠ * ઉપરાંત કચ્છ દેશનો રાજા અને ઉત્તરે અચળેશ્વર અને ચંદ્રાવતીના પરમાર રાજા તેને આધીન હોઇ આબુની પેલીમેર તેની સત્તા ફેલાઇ હતી. પૂર્વે માળવામાં તેની આણ ફરતી, દક્ષિણમાં તેનો અમલ એટલે સુધી પ્રસર્યો હતો કે કોલાપુરનું રાજ્ય તેની ધારતીમાં હતું.

આ મહાન્ રાજાને પુત્ર ન હોવાથી રાજપાટ તેના ઓરમાન કાકા ક્ષેમરાજના વંશમાં ગયું. ક્ષેમરાજના કુંવરનું નામ દેવપ્રસાદ, અને દેવપ્રસાદના કુંવરનું નામ ત્રિભોવનપાળ. ત્રિભોવનપાળને ત્રણ કુંવર અને બે કુંવરીઓ હતી. કુંવરનું નામ મહીપાળ, કીર્તિપાળ, અને કુમારપાળ; અને કુંવરીઓ પ્રેમદેવી અને દેવળદેવી. એમાંની પહેલી કાનદેવ નામે સિદ્ધરાજના સામંતને વરી હતી, અને બીજીનું લગ્ન કાશ્મીરના મહારાજા વેરે થયું હતું. પોતાની પાછળ ગાદીએ કુમારપાળ ન બેસે એવી સિદ્ધરાજની ઇચ્છા હતી, તેથી તેણે તેને પકડવાનો પ્રયત્ન કર્યો. એ માટે પરદેશમાં નાશી જઇ કુમારપાળને બહુ આપદા વેઠવી પડી. જયસિંહનો કાળ થયાના સમાચાર તેને માળવામાં મળતાં

+ હાલ પણ જ્યાં જ્યાં જુનાં ખંડેર છે ત્યાંના લોક કહેછે તે સધરાજેસિંગે કરાવેલાં.

* હાલના કાઠીઆવાડના ઘણાખરા ભાગને તે વેળા સોરઠ કહેતા હતા

તે ઝટપટ પાટણ આવ્યો, ને તેના બનેવીની મદદ મળવાથી સામંતો અને મંત્રીઓએ તેને પાટે બેસાડયો. એ વેળા તેની વય ૫૦ વરસની હતી. સિદ્ધરાજના ભયથી નાસતો છતાં દુર્દશામાં હતો તે વારે ઉદાયનમંત્રી, હેમાચાર્યાદિ જૈનોની તેને ગુપ્ત સહાય મળી, તે વારે તેણે વચન આપ્યું હતુ કે રાજ્ય મળે તો શ્રાવક થવું, એ વચન તેણે પાળ્યુ ગૂજરાતના કેટલાક સરદારોએ બંડ કર્યાં, તથા કેટલાક પરદેશી રાજા ચઢી આવ્યા તે સર્વને શૂરા કુમારપાળે હરાવ્યા. નાગોરના રાજા આનનને લડાઈમાં જખમી કરી તાબે થવાની જરૂર પાડી. માળવાના રાજાએ સ્વારી કરી તેની સામે ગુર્જર રાજાએ જે ફોજ મોકલી હતી તેના ઉપરી નાયકો ફરી શત્રુને મળી ગયાથી મહારાજે પંડે જઈ તેનો પરાજય કર્યો, ત્યાર પછી કોકણના રાજા મલિકાર્જુનને ગુર્જરેશ્વરના સામંત આમ્રભટે જીત્યો. પહેલી સ્વારીમાં એ સામંત હરી પાછો આવ્યો; પણ બીજીમાં તે રાણાને હણી તેની રાજધાની લૂંટી બહુ ધન લાવ્યો. કુમારપાળે ઘણાંક શિવાલય તથા પારસનાથનાં દહેરાં બંધાવ્યાં, ને સોમનાથનું મોટું દહેરૂં સમરાવ્યું. રાજ્ય કરતાં ૩૦ વરસ થયાં તે વારે તેને રક્તપિત્તનો રોગ થયો. એનો મોટો ગુરૂ હેમાચાર્ય એ વેળા ૮૪ મે વર્ષે મરી ગયો, અને તેની પછી થોડે માસે તેના આત્માએ દેહ છોડી.

કુમારપાળની પછી તેના ભાઈ મહીપાળનો કુંવર અજેપાળ પાટે બેઠો. એ રાજા ધર્માંધ શૈવ હતો. માજી શ્રાવક રાજાએ કરેલાં જૈન દહેરાં તેણે તોડયાં, તથા કેટલાક જૈનમંત્રી અને સરદારોને માર્યા. રાજ્ય કરતાં ત્રણ વરસ થયાં તેવામાં મહેલના કોઈ પોળીઆએ તેની છાતીમાં કટાર ભોંકી તેનો પ્રાણ લીધો. એનો કુંવર મૂળરાજ બાળક હતો. તેના બે વરસના અમલમાં તેની મા નાયકીદેવીએ કારભાર ચલાવ્યો. એના સમયમાં

અફગાનિસ્તાનથી મહમદ (શાહબુદ્દીન) ઘોરી ગૂજરાત ઉપર ચઢી આવ્યો, તેને બાળ રાજાના બહાદુર કાકા ભીમે હરાવી ધાડ પાછી વાળી. બાળરાજાને ખોળામાં લઇ રાજમાતા ડુંગરી ઉપર બેઠી સંગ્રામ જોતી હતી. અને સિપાઇઓને હિમ્મત આપતી હતી.

ભીમદેવ બીજાને ભોળોભીમ કહ્યો છે, કેમકે તે ચઢાઉ અને અવિચારી હતો. એ સમે કાબુલના મુસલમાન બાદશાહ ભરતખંડ જીતવાને પાછા સ્વારીઓ કરવા લાગ્યા. પોતાનો બચાવ કરવાને રજપૂત રાજાઓ સંપ કર્યાને ઠેકાણે માંહોમાંહે વઢી નબળા પડ્યા. એ વેળા અજમેરની ગાદીએ ચોહાણ વંશનો સોમેશ્વર નામે રાજા હતો, અને તેનો કુંવર શૂરો પૃથુરાજ પોતાની માના બાપની પાટે દિલ્લીમાં રાજ્ય કરતો હતો. પૃથુરાજનો વિવાહ આબુના રાજાની કુંવરી વેરે થયો હતો, તેમ છતાં આપણા ભોળાભીમે તેને માગી. આબુપતિએ ના કહાવી ને કન્યા અજમેર મોકલી દીધી. મોટી સેના લેઈ ભીમે આબુના રાજા ઉપર ચડાઇ કરી, ને તેને હરાવી તેની પૂઠે અજમેર સૂધી ધાયો. અહીં જુદ્ધ થયું તેમાં સોમેશ્વર પડ્યો ને ભીમદેવ જય કરી સ્વદેશ આવ્યો. બાપને માર્યાનું વેર લેવાને પૃથુરાજ મોટા બળવાન લશ્કર સાથે ગૂજરાતમાં આવ્યો. ભારે લડાઇ થઇ તેમાં ભીમ હાર્યો. આ જય મેળવી પૃથુરાજ પાછો ગયા પછી ઉપર કહેલો ઘોરી પાદશાહ તેના રાજ્ય ઉપર ચઢી આવ્યો. દિલ્લીનો એ છેલ્લો રજપૂત રાજા* હાર્યો, પકડાયો ને માર્યો ગયો. તેનું રાજ્ય મુસલમાન પાદશાહને વશ થયું. ઘોરી બાદશાહે કુતબુદ્દીનને દિલ્લી અને અજમેરનો સૂબો ઠરાવ્યો. ફરીને આવી તેણે કનોજ, કાશી વગેરેના રાજાને હરાવી ઘણો કેર કર્યો. પછી ગૂજરાતપર ધાડ

---

* કનોજનો રાજા પૃથુરાજની માશીનો દીકરો હતો, ને દિલ્લીના રાજ્યનો ભાગ માગતો, એ માટે બેઉ વઢી નબળા પડ્યા હતા.

આવી. ઇ. સ. ૧૧૯૪ માં કુતબુદ્દીને આપણા દેશમાં આવી ભીમની ફોજને હરાવી મૂલક લૂંટયો. કુતબુદ્દીનને પાછા જવું પડ્યું. ભીમદેવે બીજા રાજાઓ જોડે મળી તેને અજમેરથી કાઢવાને પ્રયત્ન કર્યો. મુસલમાન સૂબો હાર્યો ને ઘવાયો, તથાપિ તેના પાદશાહે કુમક મોકલી એટલે વળી તેની ચઢતી થઇ. તેણે અણહિલ્લપુર કબજે કર્યું ને વળી ભીમ નાઠો. પરંતુ રજપૂત રાજાનું બળ છેક તૂટયું ન હતું. મુસલમાનોના હાથમાં આ વેળા ગૂજરાત રહી નહિ; ભીમે ગૂજરાતનો કબજો ફરીને લીધો પણ તે સુખે રાજ્ય કરી શકયો નહિ. કેટલાટ સામંતોએ અને માંડળિક રાજાઓએ બંડ કર્યાં. એમાંના એક નામે જયંતસિંહસોલંકીએ અણહિલ્લપુર હસ્તગત કરી ઈ. સ. ૧૨૨૪ માં પોતાની દુવાઇ ફેરવી; પણ ત્રણ ચાર વરસમાં એની પાસેથી ભીમદેવે રાજ્ય પાછું લીધું. ધોળકાના વાઘેલા રાણાએ બળવો કરી કેટલાક પ્રાંત કબજે કર્યા. ભીમદેવની પાછળ ત્રિભુવનપાળ, રાજ્યાસને બેઠો. પરંતુ ધોળકાના રાણા વિશળદેવે તેને ઉઠાડી મૂકયો.

અણહિલ્લવાડના સોલંકી રાજા નબળા પડી જવા લાગ્યા. તેવારે વાઘેલા નામે તેમના કૂળની બીજી શાખાં જોરપર આવી, અર્ણોરાજ નામે શૂરા વાઘેલા સામતે રાજ્યનો બચાવ કરવામાં પાટણના મહારાજને સારી મદદ કરી હતી. તેના કુંવર લવણપ્રસાદને ભોળા ભીમદેવે પ્રધાન ઠરાવ્યો. પાછળથી રાજા અને પ્રધાનની વચ્ચે અણબનાવ થયો. લવણપ્રસાદે પોતાના સ્વામીની સામે બંડ ઉઠાવ્યું. રાજ્યના દક્ષિણ અને નૈઋત્ય ભાગનો એટલે સાબરમતી અને નર્મદાની વચ્ચેનો મૂલક તથા ધોળકા અને ધંધુકા પરગણાંનો કબજો કરી રાણા લવણપ્રસાદે પોતાની રાજધાની ધોળકામાં કરી. એને વીરધવળ નામે પરાક્રમી કુંવર હતો, તેણે પણ ખંભાત, ગોધરા, વગેરે જીતી રાજ્યમાં વધારો કર્યો.

વસ્તુપાળ અને તેજપાળ નામે શ્રાવક વાણીઆ વીરધવળના મંત્રી હતા. તેઓ લડવૈયા અને રાજકારભારમાં ચતુર હતા. રાણા વીરધવળનું મરણ ઈ૦ સ૦ ૧૨૩૯ કે ૪૦ માં થયું. એને વિરમદેવ અને વિશળદેવ નામે બે કુંવર હતા. વડા કુંવરને બાપ તથા કારભારી જોડે બનતું નહિ, તેથી તેને વિરમગામમાં રાખ્યો હતો. રાણાનું મરણ થતાં તેણે ગાદીનો દાવો કર્યો, પણ વસ્તુપાળે વિશળદેવને પાટે બેસાડી વિરમદેવને હરાવી મારી નંખાવ્યો. બાહ્ય તરફનું ભય ગયા પછી નવા રાણાએ વાણીઆ મંત્રીકનેથી વજીરાત લઇ નાગડ નામે બ્રાહ્મણને સોંપી. ઇ. સ. ૧૨૪૪ માં અણહિલવાડ ઉપર સ્વારી કરી. ત્યાંના નબળા મહારાજા ત્રીભુવનપાળને કાઢી મૂકીને આખી ગૂજરાતનો ધણી થયો, અને મહારાજાધિરાજ પદવી ધારણ કરી. પોતાના રાજ્ય ઉપર હુમલા કરનાર શત્રુઓને તેણે હરાવ્યા. કર્ણાટકના મહારાજાએ પોતાની કન્યાને માટે સ્વયંવર કર્યો તેમાં તે કુંવરીએ મહારાજા વિશળદેવને વરમાળા પહેરાવી.

ગૂજરાતના વાઘેલા મહારાજાનાં નામ અને અમલનાં વરસ.

विशळदेव.............	**इ. स.**	**१२४४–१२६२ सूधी.**
अर्जुनदेव.............	,,	१२६२–१२७५ ,,
सारंगदेव.............	,,	१२७५–१२७९ ,,
करणघेलो.............	,,	१२७९–१३०४ ,,

વાઘેલા રાજાની સત્તા આખા ગુર્જર દેશપર બેઠા પછી તેમણે કે તેમના વાણીઆ અને બ્રાહ્મણ કારભારીઓએ મુસલમાન રાજાના હુમલાની સામા થવાની અગમચેતી ન રાખી. ભયના વખતને માટે સજ્જ થવાને બદલે આળસ અને મોજમઝામાં પડયા; તથા મૂર્ખ ગુરૂઓથી દોરાઇ દહેરાં બાંધવામાં જીવ ઘા-

ર્યો; બળવાન શત્રુ થડમાં છે એ વાતનું ભાન રાખ્યું નહિ. તેથી વનરાજે સ્થાપેલું તથા સિદ્ધરાજ અને કુમારપાળ જેવા પ્રતાપી રાજાએ મોટે દરજ્જે ચઢાવેલું રાજ ખોયું; એથી દેશની ખરાબી થઇ. અને લોક પરાક્રમહીન થઈ ગયા. ઇ૦સ૦૧૩૦૪ માં દિલ્લીના સુલતાન અલાઉદ્દીને પોતાના ભાઈ અલફખાન તથા વડા વજીર નસરતખાનને મોટી ફોજ સાથે ગૂજરાત જીતવા મોકલ્યા. કરણઘેલો નાશી દક્ષિણ દેશમાં ભરાયો. વનરાજની નગરી પરદેશી અને પરધર્મીને હાથ ગઇ, અને મુસલમાની અમલ બેઠો. મુસલમાન લશ્કરે ખેતરો, ગામો અને શહેરો લૂંટયાં, બાળ્યાં અને દેશની માઠી હાલત કરી. તથા રૂદ્રમાળ વગેરે ઘણાં દહેરાં તોડયાં. કરણની રાણીઓને પકડી દિલ્લી મોકલી, તેમાં કમળાદેવી નામે હતી, તે સુલતાનની માનીતી બેગમ થઈ. કમળાની દીકરી દેવળદેવી બાપની જોડે હતી તેને લાવવાને તેની માએ પાદશાહને શીખવ્યું. નાશકની ઉત્તરે બાગલાણના પહાડી પ્રાંતમાં કરણ ભરાયો હતો, ત્યાં બાદશાહી ફોજે જઇ તેને માગી. ગુર્જરરાજા કુળની લાજ રાખવાને શૂરથી સામે લડયો, તોપણ તેના વેરી કુંવરીને બળાત્કારે લઈ ગયા. બિચારો કરણ દુ:ખનો માર્યો રવડી રખડીને મુઓ.

વલ્લભી રાજ્યના વિસ્તાર વિષે, અને તે સમયમાં દેશની અવસ્થા વિષે હકીકત જણાયલી નથી. બૌદ્ધ અને જૈન પંથોવાળા એ વેળા વઢતા એવું સંભવે છે. પછીના કાળમાં બૌદ્ધ જોવામાં આવતા નથી, તે પરથી એવું અનુમાન થઇ શકે કે વેદ ને જૈન પક્ષકારોથી પરાજય પામી તેમનો લય થયો. પંચાસરના રાજ્યની ઉત્પત્તિ, સ્થાપના, વિસ્તાર, વગેરે વિષે સમાચાર હાથ લાગ્યા નથી. માત્ર તેનો છેલ્લો રાજા જયશિખર ચાવડો અને તેના ઉપર કલ્યાણી નગરના રાજા ભૂવડની સ્વારી, અને

પ્રતેહની વાત ચાલે છે, અણહિલ્લપુરના ચાવડા રાજાનાં નામ અને વરસ ઉપરાંત વધારે થોડુંજ નોંધાયલું છે, પરંતુ જે થોડું છે ને ઉપરથી એવું કહી શકાય કે તેમણે બળવાન રાજ્યનો પાયો ચણ્યો અને દેશને આબાદ તથા લોકોને સુખી કરવાને તાક્યું. સોલંકી મહારાજાએ ગુર્જર દેશને ભરતખંડમાં પ્રખ્યાત કર્યો; અને ગુર્જરી રાજ્યને મોટી પદવીએ ચઢાવ્યું. પ્રજાની વૃદ્ધિ અને ચઢતી થાય, અને દેશ સુધરે એવા ઉપાય કરવાને તેમણે લક્ષ આપ્યું. રાજ્યનો બંદોબસ્ત રાખી, ન્યાયથી વર્તી, તથા રાજ્યલક્ષ્મીને લોકના લાભ અને દેશની શોભાને માટે ખરચી તેમણે જશ મેળવ્યો. કુમારપાળ અને અજેપાળ સિવાય બીજા કોઇએ ધર્મ સંબંધી વાંધામાં હાથ ઘાલ્યો નહિ, ને સર્વને રાજી રાખ્યા. એમાં કેટલાકે મોટા જય મેળવીને શત્રુને વશ કરી કે હરાવી નામના કરી, ગુર્જરી રાજ્યનો મહિમા વધાર્યો. લોકના સુખ ઉપર એમણે નજર રાખી તે હાલના રાજોને ધ્યાનમાં લેવા જોગ છે. રાજ્યમાં સુધારો વધારો કરવાનું કામ ચાવડા અને સોલંકી રાજાનું હતું તે તેમણે કર્યું. તેમણે જે મેળવ્યું અને સ્થાપ્યું, તથા ગૂજરાતને આબાદ કરી પ્રજાની સમૃદ્ધિમાં જે ઉમેરો કર્યો તે સંભાળવાનું ને સાચવવાનું કામ વાઘેલા રાજાને માથે પડયું. આસપાસની અવસ્થામાં ફેર પડી ગયો હતો. લાહોર દિલ્હી, કનોજ, અજમેરાદિ રજપૂત રાજ્યો મુસલમાન પાદશાહે જીતી મોટું ને જબરૂં મુસલમાની રાજ્ય સ્થાપ્યું હતું. ભોળાભીમદેવના સમયમાં ગૂજરાતે પણ તેનો કડવો સ્વાદ ચાખ્યો હતો, તે પરથી ચેતી બચાવની ભારે તૈયારી કરવાનું કામ વાઘેલા અધિપતિઓનું હતું તે તેમણે ન કર્યું. કર્યું હોત તો વધારે વાર ટકવાનો સંભવ હતો.

भाग २ जो.

मुसलमानी राज्यना अंत सुधी.

दिल्लीना पादशाहनो अमल——પાટણનું રાજ્યનો ખાલસા મૂલક સુલતાનની સત્તા નીચે ગયો, પરંતુ વાઘેલા મહારાજાના તાબેદાર રાજા પોતપોતાના રાજ્યમાં રહ્યા, તેમણે મુસલમાનોને કાઢી મૂકવવાને બંડ કર્યાં, પણ ફાવ્યા નહિ, એ ઝઘડામાં દેશની માઠી અવસ્થા થઇ. ધર્મને નામે પણ મુસલમાનોએ લોકોને બહુ રીબ્યા; તેમનાં સેંકડો દહેરાં તોડીને તેના પથરાવતી મસીદો બનાવી તથા મહેલ અને રસ્તા બાંધ્યા. લોકોને બળાત્કારે મુસલમાન કરવાનો પ્રયત્ન પણ કર્યો. લોકને વેઠે પકડી મફત કામ કરાવતા, અને તેમને નીચ ગણી તિરસ્કાર કરતા. દિલ્લીથી આવેલા મુસલમાન સૂબેદાર સ્વતંત્ર થવાને બંડ કરતા, તે તેમને સજા કરવાને બીજા સૂબેદાર ફોજ લઇ આવતા ને દેશ વેરાન થતો. વખતે પાદશાહ પંડે પણ આવતા. ઊપજમાં વધારો કરી, લોકને વટાળી, તથા તેમનાં દહેરાં તોડીને ધણીને રાજી કરવાને કેટલાક સૂબેદારોએ ભારે જુલમ કર્યા. જે પ્રજા પોતાના દેશનું રક્ષણ ન કરે તેને આવી સજા ભોગવવી પડે છે.

अमदावादना स्वतंत्र पादशाह——ઇ૦ સ૦ ૧૩૯૨ માં જાફરખાન નામે સૂબેદાર ગૂજરાતપર ઠર્યો, તે સ્વતંત્રપણે અમલ કરવા લાગ્યો, પરંતુ તેણે પાદશાહ નામ ધારણ કર્યું નહિ. સને ૧૪૦૩ માં દિલ્લીના પાદશાહની નામની તાબેદારી છોડીને તેણે પોતાના દીકરા તાતારખાનને નાસરૂદ્દીન મહમદશાહ એવો ઇલકાબ આપી ગૂજરાતનો પહેલો સ્વતંત્ર પાદશાહ ઠરાવ્યો. બીજે વર્ષે તે મરણ પામ્યો. જાફરખાન પાછો અમલ કરવા લાગ્યો. સન ૧૪૦૭ માં મુજફ્ફરશાહ નામ ધારણ કરી પંડે

પાદશાહ થયો. ઇ૦ સ૦ ૧૪૧૧ માં તેનું મરણ થવાથી તેના દીકરાનો દીકરો અહંમદશાહ પાદશાહ થયો.

મહાન અકબરના વખત સુધી મુજફ્ફરશાહના વંશમાં ગૂજરાતની પાદશાહી રહી.

गूजरातिना पादशाहोनां नाम.	गादीए बेसवानां वरस.
महमदशाह १ लो	इ. स. १४०३
मुजफरशाह १ लो	इ. स. १४०७
अहंमदशाह १ लो	इ. स. १४११
महमदशाह २ जो	इ. स. १४४१
कुतुबशाह	इ. स. १४५१
दाउदशाह	इ. स. १४५९
महमदशाह (बेगडो) ३ जो	इ. स. १४५९
मुजफरशाह २ जो	इ. स. १५१३
सिकंदरशाह	इ. स. १५२६
महमदशाह ४ थो	इ. स. १५२६
बहादुरशाह	इ. स. १५२६
महमदशाह ५ मो	इ स. १५२६
अहंमदशाह २ जो	इ. स. १५५४
मुजफरशाह ३ जो	इ. स. १५६१

દિલ્હીના સૂબેદાર પાટણમાં રહી ગૂજરાત ઉપર અમલ ચલાવતા. સુલતાન અહંમદશાહે અસારવાના રાજા આસા ભીલને હરાવી તે નગરમાં પોતાની રાજધાની કરી. તેને વધારી સુધારી તેનું નામ અહમદાબાદ પાડ્યું (ઇ૦ સ૦ ૧૪૧૪). એ શહેરને લોકો હાલ અમદાવાદ કહેછે. અહંમદશાહ ધર્માંધ હોઇ રજપૂત વગેરે દેશીઓને જુલમથી વટાળવા તથા તેમના દહેરાં

તોડવા લાગ્યો, તેથી લોકો નારાજી થયા. દેશના રાજા રજવાડાનાં બંડ બેસાડવામાં એનો ઘણોક વખત ગયો. ઇડરના રાવને દબતો રાખવાને એણે હાથમતિને તીરે કિલ્લો બાંધી નગર વસાવ્યું તેને હાલ લોક અમનગર કહે છે. પણ તેનું ખરૂં નામ અહંમદનગર છે. રજપૂત સરદારોની બળાત્કારે કન્યા લેવાના પ્રયત્નને લીધે, તથા બીજા જૂલમથી ઘણાક ગરાશીઆ ઠાકોર બારવટે નીકળી ગામો લૂટતા. સુલતાન થાકે ત્યારે તેમને મનાવી તેમની જાગીરો પાછી આપે એ માળવાના અને દક્ષિણના પાદશાહો સાથે વઢયો ને ફતેહ પામ્યો. મેવાડ, બુંદીકોટા, વગેરેના રાજાઓને હરાવી તેમની કનેથી ખંડણી લીધી.

સુલતાન મહંમદે ચાંપાનેરના રાવળ ગંગાદાસને પાવાગઢમાં ઘેર્યો હતો તેવામાં રાવળની કુમકે માળવાનો પાદશાહ ચઢી આવ્યો તેનાથી ડરી ગૂજરાતના સુલતાને પાછી પાની કરી એ માટે તેના અમીરોએ તેને વિખ દઇ મારી નાંખ્યો, ને તેના શાહજાદા કુતુબને પાદશાહ ઠરાવ્યો. માળવાની ફોજ સરખેજ સુધી આવી, પણ કુતુબશાહના સામા થવાથી દુશ્મનને પાછા જવું પડયું. કુતુબશાહે ચિતોડના પ્રખ્યાત રાણા કુંભા * ઉપર સવારીઓ કરી તેને નમાવ્યો. દાઉદશાહમાં અમલ કરવાની શક્તિ ન હતી, તેથી તેને ઠેકાણે તેના ભાઇ મહંમદ ત્રીજાને બેસાડયો. એ સુલતાન આગળ બેગડો કહેવાયો. પાદશાહ થયો તે વારે એની ઉમર ૧૪ વરસની હતી તેમ છતાં તેણે તેજ વખત પોતાનું બુદ્ધિબળ અને શૌર્ય દેખાડીને સરદારોને હૂકમ માનવાની જરૂર પાડી.

મહંમદ બેગડો જબરો, પરંતુ ધર્માંધ રાજા હતો. એણે જૂનાગઢના મંડળિક નામે રાજાને જીતી તેનું રાજ્ય લઇ લીધું.

* મીરાં નામે નામાંકિત ભક્તાણીનો વર.

નરસિંહ મહેતાની હારમાળામાં કહ્યોછે તેજ એ મંડળિક.* ચાંપાનેરનું રાજ્ય દબાવી બેગડાએ ખાલસા કર્યું, અને બીજા રજપૂત રાજાનાં જોર તોડયા. દ્વારકાંની મૂર્તિઓ ખંડિત કરી દેરામાં મસીદ ચણાવી. ને ત્યાંના રાજાને પકડી અમદાવાદમાં ભૂંડે હાલે માર્યો. દરિયાપરના વેપારને હરકત કરનારા લૂંટારાને સજા કરી દેશની આબાદી વધારી, કચ્છના રાજાને હરાવી સિંધ ઉપર સવારી કરી. માળવા વગેરે આસપાસના દેશો ઉપર ચઢાઈ કરી ત્યાંના હાકેમોને નમાવ્યા. એણે મહેમદાવાદ વસાવ્યું.

બીજા મુજફ્ફરશાહને ઇડરના રાવે તથા ચિતોડના રાણા સંગે તેનો મૂલક લૂંટી ઘણો જ પજવ્યો. માળવાના મુસલમાન પાદશાહને તેના દીવાન મેદનીરાયે વશ રાખ્યો હતો માટે તેનાથી છૂટવાને તેણે મુજફરની મદદ માગી, રાણા સંગે મેદનીરાયને મદદ કરી, લડાઇઓ થઇ તેમાંની કેટલીકમાં રજપૂતોને જય મળ્યો. પણ અંતે મુસલમાનોની ચઢતી રહી.

સિકંદરશાહને તેના ઉમરાવોએ મરાવી નંખાવ્યો. મહંમદ ૪ થાને તેના ભાઇ બહાદુરશાહે ગાદીએથી ઉઠાડી મૂકયો. પંડે સુલતાન થઇ તેણે દક્ષિણ દેશ ઉપર સવારી કરીને અહંમદનગર તથા બીજા શહેરો લૂંટયાં. પછી માળવા દેશ જીતી લીધો, ને ચિતોડના રાણા પાસેથી ખંડણી લીધી. ગૂજરાત, સોરઠ અને દક્ષિણના કાંઠા ઉપર ફીરંગી લોક આવવા લાગ્યા હતા તેમની સામા અમદાવાદના કેટલાક સુલતાન થયા હતા. બહાદુરે પણ તેમને દીવ બંદરેથી પાછા કાઢયા. દિલ્લીના મુગલ પાદશાહ હુમાયુએ આવી ગૂજરાત જીતી લીધી. શિરશાહ નામે પઠાંણ સરદારે હિંદુસ્તાનમાં ભારે બંડ ઉઠાવ્યાથી તે તોડવાને મુગલ પાદ

* એને મુસલમાન કરી અમદાવાદ આણ્યો. એની કબર એ શહેરના મોટા ચૌટામાં કંદોઈની દુકાનમાં છે.

શાહ આગ્રે ગયો, તેવારે બહાદુરશાહે પોતાનું રાજ્ય પાછું હાથ કરી લીધું. દીવ બંદરના ફીરંગી ઉપર સ્વારી કરી, તેવારે તે લોકે ગૂજરાતના સુલતાનનો કપટથી ઘાત કર્યો.

મહંમદ ૫ મો (કે મહંમદ લતીબખાં) નાની ઉમરે પાટે બેઠો તેને નામે અમલ કરવાને એના સરદારો માંહોમાંહે વઢયા. અંતે કુલ અધિકાર સુલતાનને હાથ આવ્યો, ત્યારે તેણે બહુ જુલમી અને દુષ્ટ કામ કર્યાં. રજપુત રાજા, રાણા, ઠાકોર, કોળી, ઠાકરડા, વગેરે દેશીઓનાં પરગણાં ને ગામ ખુંચી લેવાનો હૂકમ કર્યાથી શીરોઇ, ડુંગરપુર, ઇડર લુણાવાડા, વાંસવાડા, રાજપીપળા, મહીકાંઠા, ઝાલાવાડ, વગેરેના ગરાશીઆ અને કોળી લડવા ઉઠયા. પાદશાહે તેમની કતલ કરવાનો હૂકમ કર્યો, દેશીઓને ઘોડે બેસવાની, સારાં લૂગડાં પહેરવાની, તેમના તહેવાર કરવા વગેરેની મના કરી બહુ પીડયા. આ નઠારા સુલતાનને તેના બુરાન નામે નોકરે મારી નાંખ્યો બુરાને શાહ થવાની કોશિશ કરી, પણ માર્યો ગયો. સરદારોએ પાદશાહી કુટુંબના અહંમદ નામે બાળકને પાસે બેસાડયો, પછી તેને નામે કારભાર ચલાવવાને ટટો કર્યો. તેમાં આખરે એતિયાદખાને હાથ પાદશાહ અને અમલ રહ્યો. સુલતાને આપ અખત્યાર થવા ઇચ્છા કરી, માટે એતિયાદખાંએ તેનો પ્રાણ લીધો, ને તેને ઠેકાણે મૂજફર ત્રીજાને બેસાડયો.

એ મુજફરશાહ અમદાવાદનો છેલ્લો પાદશાહ હતો. તે પોતાના લશ્કરી સરદારોને વશ રાખી શકયો, નહિ, તેથી તેઓ માંહોમાંહે લડયા, ને દેશ તેમણે વહેંચી લીધો. દીલ્હીના બળવાન પાદશાહ અકબરે આવી ઇ૦સ૦ ૧૫૭૩ માં ગૂજરાતનુ રાજ્ય જીતી લીધું. મુજફરને પકડી દિલ્હી લઇ જતાં તેણે આપઘાત

કર્યો. ડાહ્યા અકબરે ધાક અને યુક્તિથી મુસલમાનોને વશ કર્યા. અને હિંદુઓને રાજી કર્યા, તેથી દેશમાં સમાધાની થઈ.

ગૂજરાતના સ્વતંત્ર મુસલમાની રાજ્યના તેર પાદશાહમાંના સાત નિર્બળ હતા. છ પરાક્રમી, પણ દેશના લોકને પીડક હતા. એ સુલતાનો ચતુર અને બહાદૂર પણ પ્રજાને દુ:ખ દેનારા હતા. એમણે દેશી દહેરાં તોડી તેના પથરા વતે સુંદર ઇમારતો બાંધી અને તેમના અમીર ઉમરાવોએ બંધાવી. મજૂરીનો ખર્ચ એમને બહુ ઓછો પડતો, કેમકે લોકને વેઠે ઝાલી મફત કામ કરાવતા. આસપાસના દેશો ઉપર વિજય મેળવી અમદાવાદના કેટલાક પાદશાહોએ નામના કરી. પરંતુ ધર્મદ્વેષી હોઇ તથા ગરાશીઆ ઉપર શત્રુવટ રાખી બહુ જૂલમ કર્યો. જે અધિપતિ તાબેદાર રાજા રાણાને તથા રૈયતને પાળવાને બદલે પીડે, સુખ દેવાને ઠેકાણે દુ:ખ દે, પક્ષપાત અને અન્યાયથી વર્તી ધર્મને નામે કે લોભથી પ્રજાને નારાજી કરે, તેમની મોટાઇને એબ લાગેછે. દરિયાના ચોર, દેશમાં ધાડ પાડનારા, ચોરી કરનાર, વગેરેને સજા કરી દેશનો સારો બંદોબસ્ત રાખવાનો કેટલાકે પ્રયત્ન કર્યો, તે વખાણવા જોગ છે. પણ ભલા અકબરશાહની પેઠે હિંદુ મુસલમાનને સમાન ન ગણ્યા, દેશી અને મુસલમાન બધા લોક પર સરખો પ્રેમ ન રાખ્યો, તથા ધર્મ સંબંધી ઉદાર દિલ ન રાખ્યું એ ગૂજરાતના પાદશાહોમાં મોટી ખાંપણ હતી.

મુગલાઇ રાજ્ય—મુગલ સરકારના સ્વાધીનમાં રાજ્ય ગયા પછી લોક સુખી થયા, કેમકે ઔરંગઝેબ (આલમગીર) વિના બીજા કોઈ પાદશાહે ધર્મ સંબંધી પ્રજાને પીડી નહિ, અકબરે ખેડુતોને સારા ઠરાવ કરી આપી સુખી કર્યા. દેશના રજપૂત રાજા, રાણા અને ગરાશીઆ ઠાકોરોને મનાવી તેમને યોગ્ય કામ સોંપી રાજ કાજને ફોજમાં સામિલ કર્યા. એ રૂડી રાજરીતિ

એના પછીના પાદશાહોએ પણ જારી રાખી, તેથી અમારૂં રાજ્ય અને અમારો પાદશાહ એવું રૂડું અભિમાન તેઓમાં ઉત્પન્ન થયું. પાદશાહ તથા મુસલમાન અમારા વેરીછે એ વિચારમનમાંથી જઇ સ્નેહી થયા, ને હિંદુ મુસલમાનએ ભાઇ એવીકહેવત ચાલી. એ માટે ઔરંગજેબ સિવાય બાકીના મોટા મુંગલ પાદશાહનાં વખાણ થાયછે.

દિલ્હીના તાબામાં ગયા કેડે ત્યાંથી અમલ કરવાને સુબેદાર આવતા. ઇ૦સ૦ ૧૫૭૩ થી ૧૭૫૭ સુધી અકબર સુદ્ધાંત ૧૨ પાદશાહ થયા તેમની વતી પચાસેક સુબેદાર ગૂજરાતનો કારભાર કરવાને આવ્યા એમાંના છેલ્લા જુવામર્દખાં બાબીને મરેઠા સરદાર દામાજી ગાયકવાડે અને પેશ્વાના ભાઇ રઘુનાથરાવે રાધનપુર વગેરે પરગણાં જાગીરમાં આપી રાજસત્તા કબજે કરી. (સને ૧૭૫૭). જૂનાગઢના, રાધનપુરના, અને વાડાસીનોરના નવાબસાહેબો એ છેલ્લા સુબેદારના વંશજ છે.

भाग ३ जो.

मरेठी राज्य.

મરેઠી રાજ્ય સ્થાપનાર શીવાજીએ સને ૧૬૬૪માં આવી સૂરત બંદર પ્રથમ લૂટ્યું તે વારથી એ તીડ જેવા નાશકારક લૂટારાનાં ધાડાં આપણા દેશમાં દાખલ થયાં. શિવાજીના પૌત્ર શાહુરાજાનો સેનાપતિ ખંડેરાવ ડાભાડે અને તેના હાથ નીચે દામાજી ગાયકવાડ ખાનદેશથી આવી ગૂજરાત લૂટવા લાગ્યા, અને કંથાજી વગેરે માળવા ભણી જતાં ગૂજરાતમાં આવી તેમજ કરવા મંડયા. સ્વદેશનુ રક્ષણ કરવાના ગુણ રાજા પ્રજામાં લોપ થયા હતા દિલ્હીના પાદશાહ દુર્બળ થઇ ગયાથી

સૂબેદારનો અધિકાર મેળવવાને મુગલ સરદારોએ મરેઠી ફોજને મદદે બોલાવી અને માંહોમાંહે વઢવા લાગ્યા, તેનું પરિણામ એ થયું કે રાજ્ય ખોઈ બેઠા. ખંડેરાવ અને દામાજીનાં મરણ ૧૭૨૧ માં થયાં, ને તેમને ઠેકાણે ત્રંબકરાવ અને પીલાજી થયા. બાજીરાવ પેશ્વાનો હુકમ ત્રંબકજી ડાભાડેએ ન માન્યો, તેથી તે પેશ્વાએ આવી તેને લડાઈમાં માર્યો. પછી સને ૧૭૩૧ માં ગૂજરાતનું કામ પીલાજી ગાયકવાડને મળ્યું; તે ચોથ વગેરે ઉઘરાવવા લાગ્યો. મરાઠાનું કૌવત વધતું ગયું, તેથી મુગલાઈ રાજ્ય નાશ પામ્યું. ગાયકવાડે વડોદરામાં રાજધાની કરી ઘણોક મૂલક ખાલસા કરી તાલુકદારો રહ્યા તેમની કનેથી વરસોવરસ જબરાઈથી લઇ શકાય તેટલી ખંડણી લેવા માંડી. ગૂજરાતની ઉપજનો કેટલોક ભાગ પેશ્વાનો હતો, તેથી તેની તરફનો સૂબેદાર અમદાવાદમાં રહેતો.

वडोदराना गायकवाड. क्यारथी अमल करवा लाग्या.

पीलाजी	इ० स०	१७३१
दामाजी	,,	१७३२
फतेसिंह (शिवाजीनी वती) ...	,,	१७६९
मानाजी	,,	१७८४
गोविंदराव.	,,	१७९२
आणंदराव.	,,	१८००
शिवाजी (બીજો)	,,	१८१९
गणपतराव.	,,	१८४७
खंडेराव	,,	१८५६
मल्हारराव	,,	१८७१
शिवाजीराव (ત્રીજો)	,,	१८७५

જોધપુરના રાજા અભયસિંહને ગૂજરાતનો સૂબેદાર ઠરાવી દિલ્હીના પાદશાહે મોકલ્યો. એણે પીલાજીને ડાકોરમાં મારી નં-ખાવ્યો. પીલાજીનો અધિકાર તેના પરાક્રમી દીકરા દામાજીને મળ્યો. તેણે ગાયકવાડના રાજ્યની સ્થાપના પૂરેપૂરી કરી. પેશ્વા સરકાર જોડે તેને સંબંધ મુકરર થયો; તેથી ગૂજરાત મરેઠી રાજ્યનો ભાગ થયો. ગાયકવાડ અને પેશ્વાએ અમદાવાદ લેઈ પાદશાહી અમલનો અંત આણ્યો. (સને ૧૭૫૭).

મુગલાઈ અમલ ઊડયો તેવારે સૂરતમાં તેની વતી કામ ચલા-વનાર નવાબ તે શહેર અને આસપાસના પરગણાંનો ધણી થઇ પડયો હતો. તેમજ બીજે કેટલેક ઠેકાણે બન્યું હતું. સૂરતના નવાબ પોતાની સત્તા જાળવી શકયા નહિ, તેથી તે ઈંગ્રેજને હાથ ગયું. ભરતખંડના કેટલાક દેશોમાં ઇંગ્રેજી રાજ્યસત્તા જામી, અને અંગ્રેજ બળવાન રાજકર્ત્તા થયા. આપણી તરફ તેમનું મુખ્ય સ્થર મુંબાઇ બંદર થયું. જ્યાં જ્યાં ઈંગ્રેજી રાજ્ય થયુ ત્યા ત્યાં દેશ થાળે પડયો. શાંતિ થવાથી ઉદ્યમ ચાલ્યો ને લોકના જીવને નિરાંત થઇ.

દામાજી ગાયકવાડના મરણથી તેના પુત્રો રાજપાટને માટે વઢવા લાગ્યા. પેશ્વા સરકારે અંતે વડા કુવર શિવાજીને ખરો વારસ ઠરાવ્યો. પણ રાજકાજ કરવાને તે શક્તિમાન ન હોવાથી તેના સઉથી નાના ભાઇ ફતેસિંહને તેનો મુતાલિક નિમ્યો. રઘુનાથ-રાવ પેશ્વા થયો ત્યારે તેણે ગોવિંદરાવ ગાયકવાડને દામાજીનો વાર-સો આપવાનો ઠરાવ કર્યો, તેથી ભાઇઓ ભાઇમાં કજીઓ થયો, આખરે ખોઈ રઘુનાથરાવને ગૂજરાતમાં નાશી આવવું પડયું. પુનાની ગાદી પાછી મેળવી આપવાને તેણે ઇંગ્રેજની કુમક માગી. તેનાં અને ઇંગ્રેજનાં એકઠાં મળેલાં સૈન્યની સામે પુ-નાની ફોજ ગૂજરાતમાં વઢી પણ કલકત્તાથી એ વઢવાડ બંધ

પાડવાનો હુકમ આવ્યાથી ટંટો પત્યો ને ગોવિંદરાવ નિરાશ થયો. સને ૧૭૮૦ માં પેશ્વા અને ઇંગ્રેજ વચ્ચે ઝઘડો ચાલતો હતો, તેવારે ઇંગ્રેજ ફોજે ગૂજરાતમાં આવી કેટલાક જય મેળવ્યા.

માનાજી ગાયકવાડના સમયમાં કોઇ મોટો બનાવ બન્યો નહિ. ગોવિંદરાવના વખતમાં શેલુકર નામે પેશ્વા સૂબેદાર અમદાવાદમાં આવ્યો. તેણે ઘણો કેર કર્યો. મરેઠી રાજ્યમાં ધાડ ચોરીનું જોર જબરૂં હતું તેની જોડે મરેઠા પણ પૈસા લેવાને જૂલમ બહુ કરતા. દેશમાં બંદોબસ્ત રાખવો, ન્યાય કરવો, વગેરે કામકાજ તેમને નહોતાં આવડતાં. તેઓ માત્ર પૈસા લેવાનુંજ સમજતા હતા. સને ૧૮૦૦ માં ઇંગ્રેજે સૂરત કબજે કર્યું, ને ગોવિંદરાવે અમદાવાદમાંથી શેલુકરને પકડી પેશ્વાની સત્તા ઉઠાડી અને વર્ષે પાંચ લાખ રૂપિઆ આપવા કરી ગૂજરાતમાં પેશ્વાનો ભાગ ઇજારે રાખ્યો.

આણંદરાવની કારકીર્દીમાં તેના પિતરાઇ મલ્હારરાવે ગાયકવાડી કુટુંબનાં કેટલાંક માણસો જોડે મળી જઇ કડીમાં બંડ કર્યું. આણંદરાવની મદદે ઇંગ્રેજી ફોજ આવ્યાથી બંડખોર સરદારો હાર્યા. આ વેળા ગાયકવાડ સરકારની અવસ્થા એવી ખરાબ થઇ ગઇ હતી કે ઇંગ્રેજની મદદ વિના રાજ્ય ટકે નહિ. માટે રાજ્યનો બચાવ કરવાને ઇંગ્રેજી લશ્કરને એ વખતથી વડોદરે રાખવા માંડયું, ને ગાયકવાડ ઇંગ્રેજના તાબેદાર થઇ તેમના કહ્યા પ્રમાણે રાજ્ય કરવા લાગ્યા. એથી દેશમાં શાંતી થઇ, ઇંગ્રેજને ઘણાં પરગણાં મળ્યાં ને લોક નિરાંતે ઉદ્યમ કરી શક્યા. રજવાડાની ખંડણી ઉઘરાવવાને હર વરસે દસરા પછી ગાયકવાડની ફોજ મુલકગીરી કરવા નીકળતી, ને દેશની બારે ખરાબી કરતી. ખંડણી ઉઘરાવી જેની તેને આપવાનું કામ પો-

તાને માથે લઇ ભલા ઇંગ્રેજે તે સર્વ મારામારી, જુલમ અને લૂંટ થતી અટકાવી, લોકને અને રજવાડાને મહા પીડામાથી ઉગાર્યા. સન ૧૮૧૮ માં ઇંગ્રેજે પેશ્વાનું રાજ્ય જીતી લીધું, તેથી તેનો અધિકાર અને તેના હિસ્સાનાં ગૂજરાતમાં પરગણાંની ખંડણી વગેરે ઇંગ્રેજને મળ્યાં.

વેચવાની ચોપડીઓ.

ચોપડીઓનાં નામ.				કિંમત.
વિવાહવિધિ...	...	...	...	०—८—
કરસનદાસ મુળજી ચરિત્ર		...	...	०—८—
ટૂંકી કહાણીઓ ભાગ ૧ લો ...			...	०—८—
,, ,, ભાગ ૨ જો ...			...	०—८—
પાર્વતીકુંવર આખ્યાન...		...	...	०—३—
બોધ વચન...	...	...	...	०—२—
ગ્લાંડની મુસાફરી	...	...	...	०—१२—०
રામ ચરિત્ર	...	...	...	१—०—०
સંગ્રહ	...	...	...	१—८—०
સંગ	...	...	...	१—४—०
ઇતિહાસ	...	...	...	१—४—०
વડો	...	...	...	१—८—०
લડાઇ	..	...	...	०—१२—०
	...	...	...	२—०—०

ડીઓ અમારે ત્યાંથી મળશે.

ના, } રમણભાઇ મહીપતરામ.

ળોમાં ચાલતી ચોપડીઓ.

મ ઇતિહાસ	...	...	०—०—९
...	...	...	०—२—६
નવું વ્યાકરણ...		...	०—१—६

ાપડીઓ આર્યોદય પ્રેસમાંથી મળશે.

પ્રેસ.
ાવાદ. } ચીમનલાલ માણેકલાલ.